# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957

પરિવર્તન પરંપરા ૨૦૦ વર્ષ પ્રગતિ

મુંબઈ અને અમદાવાદથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ Volume 65 ■ પુસ્તકઃ ૨૦૧ ■ અંકઃ ૧૩ ■ પૌષ સુદ - ૧૩

■ વિક્રમ સંવત ૨૦૭૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 15 January 2022, Saturday ■ REGD.No. MCS/058/2021-23

શનિવાર, ૧૫ જાન્યુઆરી ૨૦૨૨ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦



વીકએન્ડ ૫ ૬ ૭



LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# દેશમાં કોરોનાનો પૉઝિટિવિટી દર વધીને ૧૪.૭૮ ટકા થયો

નવી દિલ્હીઃ દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા વધુ ૨,૬૪,૨૦૨ કેસ નોંધાયા હોવાનું આરોગ્ય ખાતા દ્વારા શુક્રવારે સવારે બહાર પાડવામાં આવેલી યાદીમાં જણાવવામાં આવ્યું હતું. છેલ્લાં ૨૩૯ દિવસમાં કોરોનાના નોંધાયેલા દૈનિક કેસનો આ સર્વોચ્ચ આંક હતો. અગાઉ વર્ષ ૨૦૧૯ના મે મહિનામાં એક જ દિવસમાં કોરોનાના સર્વાધિક ૨,૭૬,૧૧૦ કેસ નોંધાયા હતા. આ સાથે જ દેશમાં કોરોનાના કેસની સંખ્યાનો કુલ આંક વધીને ૩,૬૫,૮૨,૧૨૯ પર પહોંચી ગયો હતો.

દેશમાં અત્યાર સુધીમાં કોરોનાના ઓમાઈક્રોન વૅરિયન્ટના ૫,૭૫૩ કેસ નોંધાયા છે. ગુરુવારથી શુક્રવાર સુધીમાં દેશમાં ઓમાઈક્રોનના કેસમાં ૪.૮૩ ટકાનો વધારો નોંધાયો હતો. દેશમાં કોરોનાના સક્રિય કેસનો આંક ૨૨૦ દિવસની સર્વોચ્ચ સપાટીએ એટલે કે ૧૨,૭૨,૦૭૩ પર પહોંચ્યો હતો.

૨૪ કલાકમાં દેશમાં કોરોનાને કારણે વધુ ૩૧૫ જણનાં મોત થયાં હતાં. આ સાથે જ દેશમાં કોરોનાને કારણે મૃત્યુ પામેલાં લોકોનો આંક ૪,૮૫,૩૫૦ પર પહોંચી ગયો હતો. દેશમાં કોરોનાનો દૈનિક પૉઝિટિવિટી દર ૧૪.૭૮ ટકા અને અઠવાડિક પૉઝિટિવિટી દર ૧૧.૮૩ ટકા નોંધાયો હતો. દેશમાં અત્યાર સુધીમાં ૩,૪૮,૨૪,૭૦૬ દરદીઓ સાજા થયા છે. દેશમાં અત્યાર સુધીમાં કોરોનાની વૅક્સિનના ૧૫૫.૩૯ કરોડ ડૉઝ આપી દેવામાં આવ્યા છે. (એજન્સી)■


magic mirror
Bridal Lehenga | Art Jewellery
Shifted At:
Corner of Khar Subway, S.V. Road
Santacruz(W)-Mumbai-400054
+91-7045536337


## સંસદનું બજેટ સત્ર ૩૧ જાન્યુ.થી ૮ એપ્રિલ સુધી

નવી દિલ્હીઃ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના સંબોધન સાથે સંસદનું બજેટ સત્ર ૩૧ જાન્યુઆરીથી શરૂ થશે અને ૮, એપ્રિલે પૂરું થશે, એમ લોકસભા સેક્રેટરિયેટે જણાવ્યું હતું.

કૅબિનેટ કમિટી ઑન પાર્લામેન્ટરી અફેર્સ (સીસીપીએ) દ્વારા કરવામાં આવેલી ભલામણને ટાંકતા સૂત્રોએ ઉપરોક્ત માહિતી આપી હતી.

કેન્દ્રીય બજેટ પહેલી ફેબ્રુઆરીએ રજૂ કરવામાં આવશે. ૩૧ જાન્યુઆરીએ રાષ્ટ્રપતિના સંબોધન બાદ આર્થિક સર્વે રજૂ કરવામાં આવે એવી શક્યતા છે. સત્રનો પ્રથમ તબક્કો ૧૧ ફેબ્રુઆરીએ પૂરો થશે.

એક મહિનાની લાંબી રિસેસ બાદ સત્રનો બીજો તબક્કો ૧૧મી માર્ચથી શરૂ થઈ ૮, એપ્રિલે પૂરો થશે. કોરોનાના કેસ વધી રહ્યા હોવા વચ્ચે સંસદના પરિસરમાં પ્રવેશનાર તમામ સાંસદોનો આરટી-પીસીઆર ટૅસ્ટ નૅગેટિવ હોય તે જરૂરી છે. સંસદમાં પ્રવેશતા અગાઉ તેમણે વૅક્સિનના બંને ડૉઝ પણ લીધા હોવા જોઈએ, એમ સૂત્રોએ જણાવ્યું હતું. આટલા બધા સાંસદો એકસામટા સંસદના પરિસરમાં હાજર હોય તેવા સમયે સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમોનું પાલન થાય તે માટે સંસદના બંને ગૃહની બેઠક સાથે રાખવી કે નહીં એ અંગેનો નિર્ણય હવે લેવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■

## મૃત્યુ આંક ખોટો દર્શાવવામાં આવતો હોવાનો અહેવાલ પાયાવિહોણો

નવી દિલ્હીઃ ભારતમાં પ્રથમ અને બીજી લહેર દરમિયાન કોરોનાને કારણે થયેલાં મૃત્યુનો આંક ખોટો દર્શાવવામાં આવ્યો હોવાનું જણાવતાં પ્રસારમાધ્યમના અહેવાલને ખોટો, પાયાવિહોણો લેખાવી કેન્દ્રના આરોગ્ય ખાતાએ નકારી કાઢ્યો હતો. ભારત પાસે કોરોનાને કારણે થયેલા મૃત્યુને વર્ગીકૃત કરવા વ્યાપક વ્યાખ્યા છે. પ્રથમ અને બીજી લહેરમાં કોરોનાને કારણે મૃત્યુ પામેલા લોકોનો આંક ઓછો દર્શાવવામાં આવ્યો હતો અને વાસ્તવિક આંક ખૂબ જ મોટો એટલે કે અંદાજે ૩૦ લાખ કરતા પણ વધુ હોવાનો આક્ષેપ કરતા પ્રસારમાધ્યમના અહેવાલને આરોગ્ય ખાતાએ નકારી કાઢ્યો હતો. પ્રસારમાધ્યમનો અહેવાલ ખોટો, અધૂરી જાણકારી ધરાવતો અને (જુઓ પાનું ૨) ▶▶

### આઈએએફ હેલિકોપ્ટર ક્રેશ

## હવામાન અચાનક બદલાતાં પાઈલટ મૂંઝવણમાં મુકાઈ ગયો હતો

નવી દિલ્હીઃ ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) બિપિન રાવતના મૃત્યુનું કારણ બનેલી ૮, ડિસેમ્બરની હૅલિકોપ્ટર દુર્ઘટના અંગે કોર્ટ ઑફ ઈન્કવાયરીએ સુપરત કરેલા પ્રાથમિક અહેવાલમાં જણાવ્યા અનુસાર અચાનક હવામાન ખરાબ થતાં પાઈલટને દિશાભાન નહોતું રહ્યું. ટ્રાઈ સર્વિસિસ કોર્ટ ઑફ ઈન્કવાયરીએ ૮, ડિસેમ્બર ૨૦૨૧ના દુર્ઘટનાગ્રસ્ત થયેલા એમઆઈ-૧૭ વી-ફાઈવની તપાસનો પ્રાથમિક અહેવાલ સુપરત કર્યો હતો, એમ ઈન્ડિયન ઍર ફોર્સ (આઈએએફ) દ્વારા બહાર પાડવામાં આવેલા (જુઓ પાનું ૨) ▶▶

## ભારત-પાક સરહદ પાસે બૅગમાંથી પાંચ કિલો આઈઈડી મળી આવ્યું

ચંડીગઢઃ ભારત-પાક સરહદે પંજાબના અમૃતસરસ્થિત અટારી-બાચિવિન્ડ રોડ પરથી મળી આવેલી એક બૅગમાંથી પાંચ કિલો આઈઈડી (ઈમ્પ્રુવાઈઝ્ડ ઍક્સપ્લોઝિવ ડિવાઈસ) અને ભારતીય ચલણ મળી આવ્યું હતું, એમ વરિષ્ઠ પોલીસ અધિકારીએ શુક્રવારે કહ્યું હતું.

ડ્રગ્સ અને વિસ્ફોટકો ભરેલી બૅગ અંગે મળેલી બાતમીને આધારે પંજાબ પોલીસના સ્પેશિયલ ટાસ્ક ફૉર્સ (એસટીએફ)એ સર્ચ ઑપરેશન આરંભ્યું હતું. પંજાબ વિધાનસભા ચૂંટણીના એક મહિના અગાઉ સર્ચ ઑપરેશન દરમિયાન ડ્રગ્સ, વિસ્ફોટકો અને ભારતીય ચલણી નોટ ભરેલી બૅગ મળી આવી હતી.

રાજધાની દિલ્હીસ્થિત ગાઝિપુર ફ્લાવર માર્કેટમાંથી આરડીએક્સ અને એમોનિયમ નાઈટ્રેટયુક્ત આઈઈડી મળી આવ્યાના એક દિવસ બાદ ઉપરોક્ત બાબત પ્રકાશમાં આવી હતી.

અમૃતસરમાંથી આઈઈડી મળી આવ્યા બાદ પોલીસે સમગ્ર વિસ્તારને ઘેરી લીધો હતો. અટારી-બાચિવિન્ડ રોડ ખાતેથી મળી આવેલી બૅગમાંથી પાંચ કિલો આઈઈડી કબજે કરવામાં આવ્યું હતું.

(જુઓ પાનું ૨) ▶▶


## પેરેલિસિસના દરદીઓ માટે આશીર્વાદરૂપ SMRT ટ્રીટમેન્ટ

સ્પેશ્યલ ફીચર

નમસ્કાર મારૂં નામ સ્વપ્નીલ છે. મારા પિતાજીનું નામ શાંતારામ પાલવ છે. ઉંમર ૬૪ વર્ષ છે. અંબરનાથમાં રહીએ છે. એક વર્ષ પહેલા મારા પપ્પાનો પૅરેલિસિસનો ઍટક આવ્યો. જેના કારણે તેમનો ડાબો ભાગ લકવાગ્રસ્ત થઈ ગયો. છેલ્લા એક વર્ષથી મારા પપ્પાને ઉભુ રહેવુ હોય, ચાલવું હોય તે એમને બે જણાની મદદની જરૂર પડતી. એમને જરા પણ તમે છોડી દો તો એમનું બૅલેન્સ ચાલ્યુ જતું. અને કેટલી વાર તો પડતા પડતા બચી ગયા. એમનો ડાબો હાથ જેમાં પૅરેલિસિસ થઈ ગયું હતું એ બિલકુલ કામ નહતો કરતો. ઘણી ટ્રીટમેન્ટ કરાવ્યું પણ કાઈજ ફરક પડયો નહી.



એક દિવસ ટીવીમાં પૅરેલિસિસ ઉપર કાર્ડિયો રેસ્ક્યુની ખાસ મુલાકાત જોયા પછી અમે કાર્ડિયો રેસ્ક્યુ ટીમનો સંપર્ક કર્યો. કાર્ડિયો રેસ્ક્યુ ટીમ મારા ઘરે આવી. પહેલા દિવસે કાર્ડિયો રેસ્ક્યુની ટીમે મારા પપ્પાની ડાબી સાઈડમાં CMSE મસલ્સની ટેસ્ટીંગ કરી. આ ટેસ્ટીંગથી કાર્ડિયો રેસ્ક્યુની ટીમના ડૉક્ટરને ખબર પડી કે ડાબા સાઈડમાં પૅરેલિસિસ થઈ ગયા ના લીધે ક્યા ક્યા મસલ્સ કમોજર થઈ ગયા હતાં એ પછી કમજોર થયેલા મસલ્સ ઉપર ડૉક્ટરોએ SMRT (સ્કેલેટલ મસ્કલ રીહેબ ટેક્નીક)ની ટ્રીટમેન્ટ આપવાનું ચાલુ કરી. આજે ૩૦ દિવસ ના ટ્રીટમેન્ટ પછી મારા પપ્પા વગર સ્પોર્ટે ઉઠીને ચાલી શકે છે. ચાલતી વખતે તેમનું બેલેન્સ જતુ નથી. ડાબા હાથની આગંળીઓ એ બધી ચીજો પકડી શકે છે. એમના હાથમાં આગંળીઓની ક્ષમતા ૭૦-૮૦% ફાયદો થઈ ગયો છે. કાર્ડિઓ રેસ્ક્યુની ટીમએ મારા પપ્પાને વગર સ્પોર્ટે ચાલતા કરી દીધા.

તે માટે કાર્ડિયો રેસ્ક્યુ ટીમનો દિલથી ખૂબજ આભાર.

પૅરેલિસિસમાં લીધે બેડ પર સૂતેલા કેટલાક પેશન્ટો આજે ચાલતા થઈ ગયા. જુઓ ખાસ મુલાકાત આજે બપોરે ૧૨.૩૦ વાગે મરાઠી ન્યુઝ ચૅનલ Lokશાહી પર



હવે તમે ફીક્સ દાંત મેળવી શકો છો સ્ટ્રેટેજીક ડેન્ટલ ઈમ્પ્લાન્ટ સાથે




120+ CLINIC
OrthoSquare™
GET YOUR APPOINTMENT NOW!
+91 9167195818
9665316531
Finance available on BAJAJ FINSERV
Mumbai - Gujarat
Pune - Nasik - Nagpur
Banglore - Hyderabad - Delhi
Chennai - Trichi
www.orthosquare.com



નારી સાડી
છેલ્લા ૨ દિવસ બાકી...
75% OFF
~~૮૦૦૦/-~~ ૨૦૦૦/-
• બનારસી સીલ્ક સેલા
• પટોળા
• ઉપાડા સીલ્ક સેલા
ડિફેક્ટીવ સાડીના ભાવમાં ફ્રેશ સ્ટોક
શોપ નં.૭, સેટેલાઈટ ક્લાસિક,જોગેશ્વરી (ઈસ્ટ).
93240 99148 / 98202 07332






ROOPAM
READYMADES | WEDDING ATTIRE | SAREES
TOYS | NEWBORN ITEMS | WOOLLENS
ART & CRAFT | IMITATION JEWELLERY
CROCKERY | PERFUMES | LADIES HANDBAGS
LADIES & KIDS FOOTWEAR | SANITISATION SERVICES
COVID PROTECTION PRODUCTS

Near Crawford Market,
Opp. Police Commissioner's Office,
Mumbai. • Tel: 22061794
Cell: 98200 38168
www.roopam.com
roopamroopmilan



Roop milan®
www.roopmilan.com • roopamroopmilan
Experience our full range of Wedding Sarees, Bridal Ghagra Cholis, Suit Pieces, Readymade Churidars, Imitation Jewelleries, Accessory & Purses
INDO-WESTERN OUTFITS & MENS WEAR
MARINE LINES: 97A, Maharshi Karve Road, Edena Bldg., New Marine Lines, Mumbai-20
Tel: 022-22005951 / 8104035525
OPEN ALL DAYS
DADAR WEST: 385, Shop Nos. 3/4, N.C. Kelkar Marg, Opp. Lagoo Bandhu, Mumbai-28 • Tel: 022-24370078
Cell: 9619134702 • OPEN ALL DAYS




• NEWLY FURNISHED PROPERTY IN KHANDALA • VALLEY VIEW ROOMS WITH MODERN AMENITIES IDEAL FOR WEEKEND BREAKS • ASTRO TURF WITH FLOOD LIGHTS • PRIME LOCATION FOR SMALL PARTIES, WEDDINGS OR FAMILY GATHERINGS FROM 50-75 PEOPLE • PURE VEG. RESTAURANT • SERVING ALL CUISINES • *2 HOURS DRIVE FROM MUMBAI
MUMBAI-PUNE HIGHWAY KHANDALA.
PHONE - 02114 - 269322
02114 - 269311
09922 685 083
www.hotelgirija.com

Amrutbaug Resort
પ્રથમ વખત ભારતમાં
First Time in India
ટ્રાન્સપરન્ટ બબલ ટેન્ટ



૩૬૦° થી તમે જોઈ શકો, દિવસ અને રાત, ૨૪ કલાક તમે આરપાર જોઈ શકો. દરેક પ્રકારની 5☆સ્ટાર જેવું સુંદર વાતાવરણ. ટેન્ટની અંદર સુવા+બેસવા માટે પલંગ. રાતના સમયે સ્વચ્છ આકાશમાં તમે તારા જોઈ શકો અને દિવસે તમે અલગ અલગ પક્ષીઓનો મધુર મિઠો કલરવ સાંભળી શકો. માણી સકાય એવો સુંદર યાદગાર અનુભવ કરાવવા માટે ''અમૃતબાગ રીસોર્ટ'' કચ્છ-વાગડ મધે ગામ ખારોઈ સ્થાને ખાસ તૈયાર કરવામાં આવ્યુ છે. તે ઉપરાંત, સુંદર મજાના 5☆ સ્ટાર HUT ટાઈપના કોટેજ ફૂલી ફર્નીસ સાથેની પણ સુવીધા ઉપલબ્ધ છે, સાથે સાથે સુંદર દેશી ટાઈપનુ નાસ્તા અને જમવા માટેની રેસ્ટોરન્ટ પણ છે. કચ્છના એકલ રણ નજીક ''અમૃતબાગ રીસોર્ટ'' ની મુલાકાત લઈને આપના સુ-અવસરનો મોજ અને શાંતિ સાથે નો આનંદ પ્રાપ્ત કરો.

સરનામું : ''અમૃતબાગ રીસોર્ટ''
ગામઃ- ખારોઈ, તાલુકો ભચાઉ, કચ્છ-વાગડ, ગુજરાત.
Website : www.amrutbaghresort.com
ગામ ભચાઉ તાલુકાથી ૧૫ કિ.મી. ખારોઈ ગામ, અને ભુજ એરપોર્ટથી, ૮૫ કિ.મી. મોટરકારથી ૧.૩૦ કલાકના અંતરે
કંડલા એરપોર્ટ થી ૬૫ કિલોમીટર (૧ કલાક ના અંતરે)
નજીકમાં જોવા લાયક સ્થળ :
એકલ રણ અને પૂરાતન વિભાગ દ્વારા શોધી કઢાયેલુ ગામ ''ધોળાવીરા''
મુંબઈમાં સંપર્ક કરો : ''Roopam''
ક્રાફર્ડ માર્કેટની સામે, મુંબઈ - ૨.
મો. ૯૮૨૦૦ ૩૮૧૬૮